સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ભારત વિવિધ રોગોની પ્રયોગશાળા ખાતે છે
વાવાઝોડાં-ધરતીકંપો અહીં રોજનાં આંટે છે!
ફાટે જવાળામુખી પ્રજા છે આક્રોશે લાલઘુમ -
ઉડતા'તા પ્રચાર ગુબારે ઈમેજ ધૂળ ચાટે છે

સત્તા ઈશારે -
થાય છેતરપીંડી -
બેન્કો બિચારી!!

રિઝર્વ બેંક
પણ કપાવે ખિસ્સું
રાજી-ખુશીથી...

(ગરીબ પ્રજાના પૈસાની હેરાફેરી)

હાઈકુ

ચિંતન

સબનર કામ લોભ રત ક્રોધી દેવ વિપ્ર શ્રુતિ સંત વિરોધી ।
સુન મંદિર સુંદર પતિ ત્યાગી, ભજહિં નારિ નર પુરુષ અભાગી ॥

ઉપરોક્ત સાખી રામચરિતમાનસમાંથી લેવામાં આવેલ છે.

કલિયુગમાં સંસારીઓનું વર્ણન કરતાં તુલસીદાસજી કહે છે કે,

કલિયુગમાં માનવીઓ કામી, લોભી, અને ક્રોધી હોય છે. વળી, તેઓ દેવતા, બ્રાહ્મણ, ગુરુ અને સંતોના વિરોધી હોય છે. સ્ત્રીઓ પણ એવી અભાગણી હોય છે કે, પોતાના ગુણગાન તથા સુંદર પતિનો ત્યાગ કરી પરપુરુષને વાંચ્છે છે.

કલિયુગની અસર લોકોની પ્રકૃતિ પર પણ જોવામાં આવશે. અધર્મ અને અસંસ્કારના પરિણામે લોકો કામ-વાસનાથી પીડાતા રહે છે. કંજૂસાઈ-લોભ-કપટ એમનો સ્વભાવ અને ટેવ બની જશે. કપડાનો એમને ભાર લાગશે. નર-નારી નિર્લજ્જ થઈ શરીરનું પ્રદર્શન કરતાં ખચકાશે નહીં. શાસ્ત્રોની આજ્ઞા છતાં ગુરુ-સંત-મહાત્માનો વિરોધ કરી પોતાની પાસે ઉચ્ચ અભ્યાસ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ હોવાનો દેખાવ કરશે.

સુવિચાર

- ભરોસો જડ નહીં હોવો જોઈએ, દૃઢ હોવો જોઈએ - **મોરારિ બાપુ**
- પરમાત્માની કૃપા વિના મુક્તિની પ્રાપ્તિ દુર્લભ છે અને આપણું મન અત્યંત પવિત્ર ન થાય ત્યાં સુધી પરમાત્માની કૃપા દુર્લભ છે - **વિવેકાનંદ**
- સ્ત્રી અને પુરુષ બંને પોતપોતાના ક્ષેત્રમાં સમાન રીતે સારાં છે, કયો પુરુષ સ્ત્રી જેટલો ધૈર્ય, સહનશીલતા અને પ્રેમપૂર્વક બાળકનો ઉછેર કરી શકશે ? - **સાધ્વી ઋતુંભરા**
- ચિંતા કરવાવાળો માણસ ધાર્મિક નથી હોતો અને ધાર્મિક માણસ કદી ચિંતા નથી કરતો. અને ચિંતા કરે તો સમજવું ધાર્મિક કપડામાં અધાર્મિક છુપાયેલો છે - **ઓશો**
- બધા પ્રકારનો અભાવ હોય છતાં તૃપ્ત રહે તે ફકીર - **એસ. ભટ્ટાચાર્ય**
- વૈરાગ્ય વિવેક જન્ય હોવું જોઈએ, પરિસ્થિતિજન્ય નહીં - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : અરડૂસીના પાના રસના ત્રણ ચાર ટીપા નાકમાં નાખવાથી નસકોરી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમેરિકામાં ગુલામી પ્રથાએ સૌને લાચાર અને ગરીબ બનાવી દીધા હતા. આ સંજોગોમાં એક ગૃહિણી પોતાના બાળકોને ઉછેરવાની સાથે સાથે સારા પુસ્તકો વાંચી હળવાશ અનુભવ કરતી હતી. એકવાર તેને પોતાની સુઝ પ્રમાણે તેણે પોતાના વિચારોને કાગળ પર લખવાનું શરૂ કર્યું. જિંદગી મુશ્કેલ બનતી જતી હતી પણ આ તરફ તેની કલમમાંથી સારું લગાણ અવતરી રહ્યું હતું. ધીમે ધીમે લખવામાં તેનો આનંદ અદમ્ય હતો. પોતાનાં લખાણમાં ગુલામીને મુખ્ય વિષય બનાવ્યો હતો. એકાદ વર્ષમાં તો આ નિબંધ લેખન એક પુસ્તક જેટલું દરદાળ થઈ રહ્યું. એના શહેરના એક પ્રબુદ્ધ લેખકે તેને પ્રકાશક પાસે જઈ આ લખાણનું પુસ્તક બહાર પાડવા સૂચન કર્યું. ગુલામી પ્રથા વઈશેની કેટલીક હકીકતોને આંખ ઉઘાડે એ રીતે વ્યક્ત થયું હતું. થોડા જ સમયમાં એક પ્રકાશકે આ પુસ્તક છાપવાની તૈયારી બતાવી. પુસ્તકનું નામ આપ્યું. 'અંકલ ટોમ્સ કેબિન' (ટોમ કાકાની કુટિર) પુસ્તક છપાતાં લોકોએ ખૂબ વધાવ્યું. કહેવાય છે કે આ પુસ્તકે ગુલામી પ્રથા સમાપ્ત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ લખાણોથી જ ગુલામી પ્રથાની વિરુદ્ધ લડનારા લોકોને પ્રેરણા મળી. તે ગૃહિણીનું નામ હતું 'હિરપટ બીચરસ્ટો.'

સરકારની અનાથ બાળકો માટેની યોજના આવકારદાયક

તંત્રીસ્થાનેથી...

લગભગ એક મતે આખી દુનિયા એમ માનતી થઈ ગઈ છે કે કેન્દ્ર સરકાર કે ગુજરાતની રાજય સરકાર કોરોનાના બીજા વેવને ખાળવામાં નિષ્ફળ ગઈ છે. જેને લીધે અસંખ્ય લોકો મોતને ભેટ્યા છે અને એથી લાખો કુટુંબો નિરાધાર બની ગયાં છે. એક ભૂલ તો થઈ ગઈ અને હવે તો ખુદ મોદી પોતે કબૂલ કરતા ફરે છે કે પહેલા વેવ પછી તંત્ર દ્વારા બીજા વેવ પૂર્વે પાણી પહેલાં પાળ બાંધવાની જરૂર હતી જેમાં તંત્ર થાપ ખાઈ ગયું હતું. તેઓ ક્યારેક દૂંટીની વાત કરી દે છે અને રડી પણ લે છે. જો કે ભીની થયેલી પાંપણો લૂછવાથી બગડી ગયેલી બાજી સુધરી જવાની નથી. જે અસંખ્ય લોકો મોતના જડબામાં ઓરાઈ ગયા છે એ હવે પાછા આવવાના નથી. એમના જવાથી ગામે ગામ ઘાં ઘરોને તાળાં વસાઈ ગયાં છે અને ક્યાંક ક્યાંક તો કુટુંબનો એક માત્ર કમાતો જ કોરોનાનો કોળિયો બની જતાં પાછળ રહેલાં માટે સવારથી સાંજ વેગળી થઈ ગઈ છે. ઘરમાં ચૂલો સળગાવવાનીય જોગવાઈ નહીં રહેતાં કેટલીક કુંવારી યુવતીઓએ કોઈ શેર માટીની ભૂખ માટે તડપતા દંપતીને 'સરોગેટ મધર' તરીકે સેવાઓ આપવા મજબૂર બની છે. ઘણાં બાળકો માતાપિતાની છત્રછાયા વિહોણાં બની રહ્યાં છે. કોરોના એક દુ:સ્વપ્ન બનીને ત્રાટક્યું અને દેશની અર્થવ્યવસ્થાથી લઈ અદના માનવીની રોજી રોટી છિન્નભિન્ન કરતું ગયું. સરકાર હવે 'ડેમેજ કંટ્રોલ' માં લાગી છે. આખરે સરકાર માટે તો સત્તા પર ટકી રહેવું જ ટૉપ પ્રાયોરિટી હોય છે. આગામી વર્ષે ગુજરાત અને ઉત્તરપ્રદેશ જેવાં મહત્ત્વનાં રાજયોમાં ચૂંટણી આવી રહી છે. ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી થશે. મોદીના અંગત કરિશ્મા પર અત્યાર લગી ચાલતી રહેલી વણથંભી વિજયકૂચ પર અસર પડવાની સંભાવનાથી કેન્દ્ર સરકાર, શાસક પાર્ટી અને શાસક પાર્ટીને ખીસામાં રાખતી પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ખૂબ જ ચિંતિત છે. આ ચિંતાનો પડઘો થોડા વખત પહેલાં સંઘના સરકાર્યવાહ સાથે મોદી-શાહની બેઠકમાં પણ પણ પડ્યો હતો. એ વખતે સંઘ દ્વારા જ ડેમેજ કંટ્રોલ માટે નિરાધાર બની ગયેલાં બાળકો માટે કોઈ આર્થિક પેકેજવાળી યોજના ઘડી કાઢવાનું સૂચન થયું હતું. સરકારે એ યોજનાને મોદી સરકારના સાતમા વર્ષની પૂર્ણાહૂતિ પ્રસંગે રમતી મૂકી છે. કોરોનાઓ જેમના માતાપિતા છીનવી લીધાં છે એવાં બાળકોની તમામ આર્થિક અને શૈક્ષણિક જવાબદારી અને છેક એમની યુવાવસ્થામાં ધંધોરોજગાર માટેની લોન સુધ્ધાંની વ્યવસ્થા પ્રધાનમંત્રીના પીએમ કેર ફંડમાંથી કરાશે એવી જાહેરાત આવકારવા લાયક છે. આ બાળકોની રાખ-રખાપતથી લઈ શિક્ષણ તથા ઉજ્જવળ ભવિષ્ય માટેની જવાબદારી વડાપ્રધાન પોતે લેવાના છે એવો પ્રચાર કદાચ જનમાનસમાં એમની ઝાંખી પડેલી ઈમેજને ચમકાવવામાં મદદરુપ થાય તો પાર્ટીની વિજયકૂચ આગળ વધી શકે. ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા પણ નિરાધાર બાળકોના શિક્ષણ અને યોગક્ષેમ માટે માતબર રકમ ફાળવાશે એવી જાહેરાત થઈ છે. નુકશાન તો એવું થયું છે કે ક્યારેક ભરપાઈ ન થઈ શકે, પરંતુ હવે એની સામે નિરાધાર બાળકોને બેઠાં કરી અન્ય બાળકો સાથે જીવનયાત્રામાં જોડાવાનો વિચાર અમલી બનશે તો એક માંગલિક માહોલ સરજાશે એમાં શંકાને સ્થાન નથી. ટીકાકારો ભલે આભ ફાટે ત્યાં થીંગડાં દેવાથી કશું ના વળે એમ કહેતા હોય, પણ હતાશ પરિવારો માટે સરકારે કંઈક તો કરવું જ રહ્યું.

સરકારી પડતર જમીનો લીઝ ઉપર આપવાની નિતિ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાત રાજય સરકારનો ખેડવાણ જમીનમાં વધારો કરવા માટેની નિતિ બાગાયત વિકાસ મિશન ની જાહેરાત કરેલ છે. રાજયમાં બાગાયત તથા ઔષધિય પાકોની ખેતીને વધુ પ્રોત્સાહન આપવા તથા ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં ગુજરાત સરકારે નક્કર કદમ ઉઠાવી નિતિમાં ફેરફાર કરી ૩૦ વર્ષની મુદ્દત માટે સરકારી પડતર જમીનો બાગાયતી-ઔષધીય પાકની ખેતી માટેની લીઝ પર અપાશે. ભાડાપટ્ટાની જમીન માટે પ્રથમ પાંચ વર્ષ સુધી આ માટે કોઈ જ ભાડુ સરકાર દ્વારા લેવામાં આવશે નહી.

સમગ્ર રાજયમાં અંદાજે ૫૦ હજાર એકર બિન ખેડવાણ વાળી જમીન ખેડવા લાયક બનશે. જેમાં બાગાયતી-ઔષધીય પાક ઉત્પાદનમાં વધારો થશે.

જમીન ફાળવણી માટે જમીનના લગતની યાદી આઈ ખેડૂત પોર્ટલ ઉપર જાહેર કરવામાં આવશે.

પ્રોજેક્ટ માટે લીઝ ધારકોને આધુનિક ટેકનોલોજીયુક્ત ડ્રીપસ્પ્રીકલ્ચર ફુવારા પધ્ધતિ માટે પ્રવર્તમાન ધોરણ મુજબ પ્રાયોરિટિમાં સહાય આપશે.

રાજયમાં વિવિધ જીલ્લામાં આવેલી બિનઉપજાઉ સરકારી પડતર જમીન આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી બાગાયતી અને ઔષધિય પાકોની ખેતી માટે લીઝ ઉપર અપાશે.

કૃષી બાગાયતી પાકોના ઉત્પાદન અને આવક વધારી રોજગારીની નવી તકો ઉભી થશે.

એક્સપોર્ટ ઓરીએન્ટેડ પ્રોસેસિંગ ક્લસ્ટર ઉભા કરી કાપણી પછીની વ્યવસ્થા-વેલ્યુએશન પ્રોસેસિંગ ઉદ્યોગો વિકસાવવામાં આવશે.

બિનઉપજાઉ સરકારી પડતર જમીનોમાંથી ફાળવવા યુક્ત જમીનના બ્લોકની ઓળખ જીલ્લા કક્ષાએ કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં સમિતિ કરશે.

લીઝ માટેની અરજીઓની ચકાસણી રાજયકક્ષાની ટેકનીકલ કમિટિ કરશે. યોજનાના પ્રથમ તબક્કામાં કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા પાંચ જીલ્લાનો સમાવેશ કરવામાં આવેલ છે.

જમીનના રૂપાંતરીત વેરામાંથી મુક્તિ અપાશે. ૬ વર્ષ થી ૩૦ વર્ષ સુધી પ્રતિ એકર પ્રતિવર્ષ ૧૦૦/- રૂા. થી ૫૦૦/- રૂા. ભાડુ વસુલવામાં આવશે. કૃષી વિષયક વિજજોડાણમાં પ્રાયોરિટિ મળશે. લીઝ ધારકોના વીજ વપરાશ માટે જ સોલાર પનલ, વીન્ડ મીલ લગાવી ઉર્જા ઉત્પાદન કરી શકશે, પરંતુ ઉર્જા વેચી શકશે નહી.

લીઝની મુદ્દત પુરી થતા પહેલા જમીન પરત કરવાના કિસ્સામાં સરકાર દ્વારા કોઈ જ વળતર મળવા પાત્ર નથી.

જમીન ફાળવણીનો અંતિમ નિર્ણય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષતાને હાઈપાવર કમિટિ કરશે. કૃષી અને બાગાયત ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસથી બાગાયતી તેમ જ ઔષધીય પાકોનો ખેતીનો વ્યાપ વધારવાના નક્કર પરિણામલક્ષી આયોજન સાથે એક મહત્વપૂર્ણ કદમ એટલે મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન આવા પાકોના ઉત્પાદનથી વેલ્યુએશન એક્સપોર્ટ નિકાસનું પ્રમાણ વધારવા તથા રોજગારના નવા અવસરો સર્જવાનો મુખ્ય ઉદ્દેશ છે. અર્ધસુકા તથા દરિયાકાંઠા વિસ્તારોને કારણે કૃષી વિકાસ પડકારરૂપ છે. સરકાર કૃષી મહોત્સવ, સોઈલ હેલ્થ કાર્ડ, જળસંચય અભિયાન, ડીપ ઈરીગેશન સૂર્યોદય યોજના, મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના થી રાજયની ૧૯૬ લાખ હેક્ટર જમીન પૈકી ૫૦% એટલે કે ૯૮ લાખ હેક્ટર જમીન ખેતી હેઠળ આવેલ છે. ઉજ્જડ બંજર પડતર સરકારી જમીનોમાં પણ અદ્યતન ટેકનોલોજીના સમન્વયથી બાગાયતી ઔષધીય પાક વૃધ્ધી માટે આ યોજનાથી બિનખેડૂતોને પણ લાભ મળશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in

જો જઈ શકે તો સત્ય સુધી જા, શબ્દોના પડ ભેદી તથ્ય સુધી જા

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ધર્મ એટલે શું?
ધર્મની સૌથી સરળ વ્યાખ્યા
કોઈના પણ આત્માને
તમારા કારણે દુ:ખ ના પહોચે એની
'તકેદારી' એટલે ધર્મ
- શ્રીમતી અનિલાબહેન શાહ (પાલનપુર)

ધર્મ વિષે ઘણું લખાયું, વંચાયું, છપાયું અને સંભળાયું હશે! પણ આટલા ઓછા શબ્દમાં ધર્મની આટલી ઊંડી સમજ આપે એવો આ વૉટ્સએપ મેસેજ Facebook અને Whats app પર ખૂબ લોકપ્રિય બન્યો. આપણા દેશમાં ધર્મને લઈને અનેક માન્યતાઓ અને ખ્યાલો પરંપરાગત રીતે સંકળાયેલા જોવા મળે છે. આદિકાળથી અને પરાપૂર્વથી ચાલી આવતી ધર્મને લગતી માન્યતાઓ સામે વૈજ્ઞાનિક પ્રશ્નો પૂછવાની અને આ માન્યતાઓને challange કરવાની હિંમત પણ ધીરે-ધીરે ઘણા લોકોએ દર્શાવી છે. કુરિવાજો અને અંધશ્રદ્ધા સાવ નાબૂદ ક્યારે થશે એ તો સમય જ બતાવશે પરંતુ, ધીરે ધીરે સમાજજીવનમાં આ બાબતે જાગૃતિ આવી છે એ બાબત અત્યંત પ્રશંસનીય ગણી શકાય. મનુષ્ય એ તો ઈશ્વરની રચેલી આ સુંદર સૃષ્ટિનું સર્વોત્તમ સર્જન કહી શકાય પણ આ મનુષ્ય જ અન્યોને કષ્ટ આપીને સૃષ્ટિનું સંતોલન ખોરવી નાખ્યું છે તેમ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય. પ્રખર તત્ત્વચિંતક "ઓશો" કહે છે તેમ,

"શરીર પર આધાર રાખવો અને શરીર સુધી મર્યાદિત પણ ન રહેશો. એનો ઉપયોગ કરો, આદર કરો, પ્રેમ કરો એની સંભાળ લો, પરંતુ યાદ રાખો : એક દિવસ તમારે એને છોડવાનું છે. તમારી સમજણ તમારી સાથે જશે, તમારું શરીર નહીં."

ધર્મને લગતી અઘરી-અઘરી અને ભારેભરખમ વાતો ન સમજાય તો વાંધો નહિ પણ આટલી સીધી અને સરળ વાત સમજવાની જરૂર છે કે આપણાથી કોઈ પણ વ્યક્તિ, સજીવસૃષ્ટિ કે પ્રકૃતિનું નુકસાન ન થાય. ભાદરવા મહિના દરમિયાન પિતૃતર્પણ અને શ્રાદ્ધ માટે પરંપરાગત રીતે લોકોને વિધિ કરતા અને કાગવાસ નાખતા જોઈએ ત્યારે મનમાં અવશ્ય પ્રશ્ન થાય કે ઘરમાં વડીલોની હયાતી સમયે તેમની સાથે બેસીને ઘડી-બે ઘડી વાતચીત પણ નકરનારા લોકો એવી અપેક્ષા કઈ રીતે રાખીજ શકે કે મૃત્યુ બાદ પિતૃઓ કાગવાસને આરોગવા તેમના ત્યાં પધારશે જ? આપણે ત્યાં ગરમી અને તડકો લગભગ આઠેક માસ સુધી સતત કષ્ટદાયક રીતે પજવતો રહે છે. આવા સમયમાં બારેમાસ ઘરના આંગણે, ઘરના ધાબે, ચોકમાં કે ફળિયામાં નિયમિત રીતે પંખીઓ માટે પીવાનું પાણી દરેકેદરેક વ્યક્તિ મૂકે તો એની જરૂરિયાત અને આવશ્યકતા કદાચ આ કાગવાસ કરતાં અનેકગણી વધુ હશે. તો શા માટે એવો સંકલ્પનલઈએ કે જીવદયાની ભાવનાથી, કરૂણા, અનુકંપા અને સહૃદયતાપૂર્વક ઈશ્વરની આ સુંદર સૃષ્ટિમાં આપણી સાથે જ વસવાટ કરતા અન્ય તમામ જીવોની કાળજી લઈએ? આપણે શ્રદ્ધાળુ બનીએ તે સગુણ ખરો પણ શ્રદ્ધાનો અતિરેક કરી અંધશ્રદ્ધાળુ બની જઈએ ત્યારે દિશાહીન બની જઈએ છીએ!બિમાર માતાના ચરણોને વંદન કરવામાત્રથી જ સુપુત્રનું કર્તવ્ય પૂરું નથી થઈ જતું, તેણે ડૉક્ટરને બોલાવી યોગ્ય સારવાર તેમજ સમય આપવાની જરૂર હોય છે અને એ જ સમજણભરી માતૃભક્તિ છે અને આ જ બાબત સોસાયટીમાં બિમાર અબોલ પશુ-પંખીઓ, પાણીના અભાવે મૂઝાઈ જતા ફૂલછોડ તેમજ ભૂખ્યા ગરીબ બાળકો માટે પણ લાગુ પડે છે. આ તમામ માટે સંવેદનશીલ બનીએ અને માત્ર થોડી કાળજી તેમજ સમય તેના માટે ફાળવીએ તો સાચા અર્થમાં આપણે ધાર્મિક કહેવાઈશું એમ નથી લાગતું?

જો જઈ શકે તો સત્ય સુધી જા
શબ્દોના પડ ભેદી તથ્ય સુધી જા
ક્યાં સુધી શાસ્ત્રાર્થ એમ જ બધો
કથ્ય સૌ મૂકી દે, અક્ય સુધી જા -

- મેહુલ ભટ્ટ
- nehalgadhavi101@gmail.com

ડાકોરના બાપાલાલના ગોટા : દૂધમાં બને અને દહીં સાથે ખવાય

ડાકોરના ગોટા એ નામ પડતાં જ ખાવાના શોખીનોનો મોં પહોળું થઈ જાય. જીવનમાં ગોટાય ઘણા વાળ્યા હોય એમ ગોટા અનેક પ્રકારના ખાધા હોય, પણ ડાકોરના બાપાલાલના ગોટાની વાત જ જુદી. એનો સ્વાદ મોંમાં રહી જ જાય. જઠર પણ યાદ કરે કે બાકી ખાધું કાંઈ હોં. દૂધમાં બને અને દહીં સાથે ખવાય એ ગોટા એટલે બાપાલાલના ગોટા.

●●●

તીર્થધામોમાં જે તે ભગવાન કે માતાજીની સાથે કોઈ વાનગી

વખણાતી હોય તે વાત નવી નથી, પણ ડાકોરના બાપાલાલના ગોટાની વાત ઘણી સ્વાદિષ્ટ છે. ડાકોરના ઠાકોર (રણછોડરાય)ની સાથે ડાકોરના બાપાલાલના ગોટા પણ વખણાય છે. રણછોડરાયનાં દર્શન કરવા આવતા ભાવિકોમાંથી ૪૦-૫૦ ટકાના પગ, ગોમતીના ઘાટે આવેલા બાપાલાલની બે માળની અનોખી હોટલ કે રેસ્ટોરન્ટ તરફ વળે, વળે ને વળે જ ! સવારથી મોડી રાત સુધી અહીં ગરમા ગરમ ગોટા ઉતરતા જાય, ડીસમાં પીરસાતા જાય અને લોકો હોંશે હોંશે ઝાપટતા જાય. (ના, આ ગોટા ખાવાના નહીં, ઝાપટવાના હોય છે.) આ ગોટાનો સ્વાદ એકદમ જુદો છે. વર્ષોથી એ સ્વાદ સચવાઈ રહ્યો છે. ગોટા મોટા ભાગે કઢી કે ચટણી સાથે ખવાય છે, પણ આ ગોટા (મોળા) દહીં સાથે ખવાય છે. હા, જોડે તળેલાં (ખાવાં હોય એટલાં) લીલાં મરચાં તમને જરૂર મળે. દૂધ અને દહીં વિરુદ્ધ ખોરાક કહેવાય છે, પણ આ ગોટા દૂધમાં બને અને દહીં સાથે ખવાય. છે ને અજબ જેવી વાત? ડાકોરમાં પાંચ-પાંચ પેઢીથી બાપાલાલના ગોટા બને છે અને ખવાય છે.

●●●

બાપાલાલના ગોટાનો કારોબાર ચાર ભાઈઓની સાથે મળીને ચાલે એ તેની વિશેષતા. સંયુક્ત કુટુંબની ભાવના આજે પણ ધંધામાં જળવાઈ રહી છે એ જોઈને રણછોડરાય પણ રાજી થતા હતા. ચારભાઈઓ એટલે રોહિતભાઈ, નવીનભાઈ, વિનોદભાઈ અને રાજેશભાઈ. એવું કહેવાતું કે ગોટા તો બધા ભાઈઓ સરસ જ બનાવતા, પણ એમાં નવીનભાઈના ગોટા એટલે માસ્ટર ગોટા. એમનો બનાવેલો ગોટો બધી જ રીતે પરફેક્ટ જ હોય. કમનસીબે, ૨૬મી, ૨૦૨૧, બુધવારના રોજ કોરોનાએ નવીનભાઈને આપણી પાસેથી છીનવી લીધા. ચાર ભાઈઓમાંથી સૌથી મોટા રોહિતભાઈ પણ અગાઉ દેવ થઈ ચૂક્યા છે.

નવીનભાઈની વિદાય સાથે ગોટાના એક નીવડેલા કારીગરે પણ વિદાય લીધી. ભગવાન તેમના આત્માને પરમ શાંતિ આપે.

●●●

બાપાલાલના પુત્ર વિનોદભાઈ સુખડિયા કહે છે કે ભગવાન રણછોડરાય અને અમારા ગુરૂજી યોગભિક્ષુજીના આશીર્વાદથી આ બધું ચાલે છે.

હવે તો ડાકોરના ગોટાની એક સાથે અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમ પાસે ગોલ્ડન ટ્રાય એંગલમાં ખુલી છે.

લંડનથી ભણીને પરત આવેલો રાજેશભાઈનો પુત્ર મનન સુખડિયા તે સંભાળે છે. (તેમનો સંપર્ક નંબર ૮૧૪૧૫ ૧૪૩૯૩)વિનોદભાઈ પોતાના મોટાભાઈ(સ્વર્ગસ્થ) રોહિતભાઈને આદર સાથે યાદ કરતાં કહે છે પ્રભુ અને ગુરૂકૃપાથી અમે બધાં સંયુક્ત કુટુંબમાં રહીએ છીએ તેનો સંતોષ છે. મનનભાઈ કહે છે કે અમને ગૌરવ છે કે અમે ગરવા ગુજરાતમાં એક એવી વાનગી આપી શક્યા જે લાખો-કરોડો લોકોએ પસંદ કરી.

નવી સવાર
રમેશ તન્ના

પોતાના ગુરૂની આગ્નાથી વિનોદભાઈએ ડાકોરમાં રામરોટીનો પ્રારંભ કર્યો છે. કે.વી.શાહ (રાવજી પટેલ સ્મારક ફેઈમ) સહિતના ઘણા ડાકોરવાસીઓ તેમને મદદ કરે છે. કે.વી.શાહ કહે છે કે અમને ગૌરવ અને આનંદ છે કે બાપાલાલના ગોટાનો સ્વાદ અને સુગંધ આકા વિશ્વમાં પ્રસર્યાં છે. વિનોદભાઈ અને આખા સુખડિયા પરિવારની સામાજિક ચેતના માટેની સક્રિયતાનું પણ અમને મોટું ગૌરવ છે.

વિનોદભાઈના બીજા દીકરા ડો. રાજ ઓસ્ટ્રેલિયા ગયા હતા. તે પરત આવ્યા છે અને ઓડ ગામમાં ડોકટર તરીકે નિષ્ઠાથી ફરજ બજાવી રહ્યા છે. વિનોદભાઈ કહે છે કે પ્રભુની કૃપા હોય તો જ વિદેશમાં ગયેલા દીકરાઓ આ રીતે પરત આવે અને આપણી સાથે રહે.

પોતાના પિતા બાપાલાલને યાદ કરતાં વિનોદભાઈ કહે છે કે તેઓ ગુપ્તદાનમાં માનતા. બંધ મુઠ્ઠીમાં આપી દેતા. એક બ્રાહ્મણને પુત્રરત્નની વિધિ કરવા સુવર્ણ જોઈતું હતું. અમારા પિતાએ કાચી સેકન્ડમાં પોતાનો સોનાનો અછોડો તેને આપી દીધો હતો. આ વાત એ બ્રાહ્મણે તે પિતાના તેરમાના દિવસે અમને કરી હતી. અમે પણ પિતાનો સમાજસેવા અને દાનનો વારસો સાચવવા પ્રયાસ કરીએ છીએ. ડાકોરમાં ગરીબ વિદ્યાર્થીઓને ભણાવીએ પણ છીએ.

●●●

એક વાર બે ઊંચા-વિશિષ્ટ પુરૂષો આવ્યા. પહેલા માળે બેસીને બે ડીશ ગોટા ખાધા. રાજી થતાં થતાં ફોટા પાડ્યા. એ ભાઈ અમેરિકાના પૂર્વ પ્રમુખ બરાક ઓબામાની ટીમમાં હતા. તેમણે અમેરિકામાં પટેલ બ્રધર્સમાંથી તૈયાર લોટ લઈને ગોટા ખાધેલા ત્યારે જ નક્કી કરેલું કે ડાકોર જઈને બાપાલાલના લાઈવ ગોટા ખાઈશું. તેઓ મુંબઈથી ખાસ ગોટા ખાવા ડાકોર આવેલા.

ચાણક્યએ કંઈ એમને એમ નથી કહ્યું કે ખાવાનો આનંદ સૌથી મોટો હોય છે.

આવા તો અનેક દાખલા છે. એક વખત સ્વામિનારાયણના ૪૦૦ સંતોને ડાકોરના આ ગોટા ખવડાવેલા.(ના, આ ગોટામાં ડુંગળી-લસણ નથી હોતાં.)

ડાકોરના ગોટાનો તૈયાર લોટ અમેરિકા, કેનેડા, લંડન, ઓસ્ટ્રેલિયા, ન્યુ ઝિલેન્ડ એમ વિવિધ દેશમાં જાય છે. ડાકોરમાં ૪૦-૪૫ દુકાનોમાં તમને આ લોટ વેચાતો મળે. ડાકોરમાં તો તમને 'જ્યાં જ્યાં નજર તમારી પડે, બાપાલાલના ગોટા નજરે ચડે' તેવી સ્થિતિ હોય છે.

કવિ રાવજી પટેલને સમર્પિત, ડાકોરમાં તેમનું સ્મારક બનાવનારા કે.વી. શાહ વિનોદભાઈ સુખડિયાના પરમ મિત્ર છે. અમારો તેમની સાથે બે-બે વખત ભેટો તેમણે કરાવ્યો છે. (અમે એ સ્મારક જોઈને આવ્યા છીએ, તેમની એક સ્વતંત્ર સ્ટોરી લખી છે. પુસ્તકમાં પણ તેનો સમાવેશ કર્યો છે.)

ઘણા દર્શનાર્થીઓ ડાકોરમાં દર્શન કરવા આવે, પણ બહારનું પાણી ના પીએ. હા, દૂધથી બનેલા બાપાલાલના ગોટા જરૂર ખાય.

વિધિસર રીતે ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૪થી બાપાલાલના ગોટાની બ્રાન્ડનો પ્રારંભ થયો. અત્યારે તેને ૨૭મું વર્ષ ચાલે છે.

ડાકોરના ઠાકોરની સાથે ડાકોરના ગોટા પણ વિશ્વવિખ્યાત થયા કારણ કે દરેક ભક્ત, ખવૈયો પણ હોય છે. અને હા, પેલી વાત તો તમને ખબર જ હશે કે, પેટ ભરેલું હોય તો પૂજા કરવાની મજા આવતી હોય છે.

રણછોડરાય કી જય !